UGC Approved Journal No:- 62819 ISSN: 2319-202X

# કાલિદાસકૃત 'માલવિકાગ્નિમિત્રમ્' માં શિક્ષણદર્શન

**નરેશ. જી. વણઝારા**
આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી એન.કે.મહેતા એન્ડ શ્રીમતી એમ. એફ. દાણી આર્ટ્સ
કોલેજ, માલવણ, મો. ૯૭૨૩૯૧૧૬૯૮
twisha2707@gmail.com

સર્જક જ્યારે સર્જન કરે છે ત્યારે તેના વિચારો અને તેનું જીવન વ્યક્તિત્વની કેટલીક વિશિષ્ટતાઓનું પ્રતિબિંબ તેના સર્જનકાર્યમાં અવતરિત થાય છે કારણ કે સાહિત્યસર્જનની પ્રક્રિયા કવિના ચિત્ત અને હૃદય સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલી હોય છે.

મહાકવિ કાલિદાસનાં સર્જનકાર્યમાં વિવિધતા દષ્ટિપાત થાય છે તે સંદર્ભે જ 'માલવિકાગ્નિમિત્રમ્' નાટકમાં કાલિદાસનો પરિચય આપણને થાય છે.

- **કાલિદાસનું શિક્ષણદર્શન**

મહાકવિ કાલિદાસની જુદી જુદી કૃતિઓ જેવી કે અભિજ્ઞાન શાકુન્તલમ્, રઘુવંશમ્, વિક્રમોવર્શિયમમાં પણ શિક્ષણ અંગેના વિચારો યત્ર તત્ર જોવા મળે છે તેમની કૃતિઓમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, વાલ્મીકિ, કણ્ય, મારીચ, ભરત, ઇત્યાદી કુલગુરુઓ, કુલપતિઓ અને વિદ્યાગુરુઓના ચરિત્રો જોવા મળે છે. વિદ્યાપીઠ અને શિક્ષણ સંસ્થાનું આંતર-બાહ્ય વાતાવરણ કેવું પવિત્ર, પ્રશાંત, અને પ્રસન્નકર હોવું જોઇએ એ કાલિદાસના આદર્શ આશ્રમ વર્ણનમાં જોવા મળે છે.

**આપ્યગ્રણીર્મન્ત્રકૃતામૃષીણી કુશાગ્રબુદ્ધે કુશાલી ગુરુસ્તે ।**
**યતસ્ત્વયા જ્ઞાનમશેષમાપ્ત લોકેન ચૈતન્યમિષ્ણરશ્મે ।।૧।।**

ગુરુ પાસેથી શિષ્ય જ્ઞાન પ્રાપ્ત કરે તે પ્રક્રિયા કેવી છે એ સૂચવવા કાલિદાસે અજ્ઞાનનો નાશ કરી મનુષ્યને નવી દષ્ટિ આપવાવાળા શિક્ષકને રાત્રીનાં અંધકારને દૂર કરી વિશ્વમાં ચૈતન્ય અર્પનાર સૂર્યની ઉપમાં આપી છે. જે કાલિદાસનાં સમયમાં શિક્ષક વર્ગનું ઉચ્ચતમ સ્થાન દર્શાવે છે.

- **'માલવિકાગ્નિમિત્રમ્' માં શિક્ષણદર્શન**

'માલવિકાગ્નિમિત્રમ્' નાટકમાં રજૂ કરેલાં કાલિદાસના વિચારોમાં શિક્ષણની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. નાટકના પ્રથમ અંકમાં જ કવિ પોતાના શિક્ષણ વિષયક વિચારો રજૂ કરે છે. જેમાં બે નાટ્યાચાર્યો ગણદાસ અને હરદત્તની વચ્ચે કલહનો પ્રસંગ રજૂ કરે છે. જેમાં માલવિકારાજા અગ્નિમિત્રની નજરે ન પડે એમ રાણી ધારિણી ઇચ્છતી હોય છે પરંતુ વિદૂષક અગ્નિમિત્રને ચિત્રમાં જોયેલી માલવિકાને તેની સાથે મળાવવા માટે યુક્તિ પ્રયોજે છે. જે સંદર્ભે માલવિકા અને ઇરાવતીના નૃત્ય પ્રયોગનની વ્યવસ્થા કરવામાં આવે છે અને નિર્ણાયક તરીકે પરિવ્રાજિકાની વરણી કરવામાં આવે છે.

ગણદાસ-''કામં ખલુ સર્વસ્યાપિ કુલવિદ્યા બહુમતા ।''

''ખરેખર સર્વને પોતાના કુળની વિદ્યા ખૂબ આદરણીય હોય છે''

અહીં પોતાની વિદ્યા પ્રત્યે અધ્યાપકનું વલણ કેવું હોવું જોઇએ તે વિશે અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે. અધ્યાપકને પોતાની વિદ્યા અને વિદ્યા-વિતરણના વ્યવસાયનું સંપૂર્ણ ગૌરવ હોવું જોઇએ પરંતુ અધ્યાપકો એટલા સરળ અને સંવેદનશીલ હોય છે કે –

**પ્રાયઃ સમાનવિદ્યાં પરસ્પરયશઃ પુરોભાગ :**

અર્થાત્ એક જ વિષયના અધ્યાપકો કેટલીકવાર એકબીજાની કિર્તી અને પ્રતિષ્ઠા માટે ઈર્ષાળુ હોય છે. ઉત્તમ અને એકનિષ્ઠ અધ્યાપકના વ્યવસાયગત બે પાસાં હોય છે.

(૧) પોતાના વિષયનું ઊંડુ જ્ઞાન અને (૨) પોતાના વિષયનું જ્ઞાન અન્યમાં સંક્રમણ કરવાની કળા.

**'' શિષ્ઠાક્રિયા કસ્યચિદાત્મસંસ્થા સંક્રાનતિરન્યસ્ય વિશેષયુક્ત ।**
**યસ્યોભયં સાધુ સ શિક્ષકાણાં ધુરી પ્રતિષ્ઠાપયિતવ્યં એવ ॥**

પરિવ્રાજિકા ઉત્તમ શિક્ષણ અંગેના કવિના વિચારો વ્યક્ત કરતા જણાવે છે કે 'સારી રીતે શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય છતાં બીજાને શિક્ષણ આપવામાં બધા જ શિક્ષકો નિપૂણ નથી હોતા''

શિક્ષણ વ્યવસ્થાની બાબતમાં શિક્ષકોને સંસ્થા સંચાલકોને, વિદ્યાપીઠના પ્રોફેસરોને અને સમાજને મુંઝવતી એક સમસ્યા છે કે શિક્ષકો વર્ગમાં સુયોગ્ય રીતે શિક્ષણ આપ્યું હોય પરંતુ વિદ્યાર્થીઓ પોતાની બુદ્ધિની મંદતા અને મર્યાદાને કારણે જો શિક્ષણ મેળવવામાં નિષ્ફળ જાય તો તેમાં શિક્ષકનો શો દોષ ?

- **આધુનિક પ્રવેશપ્રક્રિયા**

**ધારિણી– વિનેતુર દ્વવ્યપરિગ્રહોડપિ બુદ્ધિલાઘવં પ્રકાશયતિ ।**

શિષ્યની પસંદગી વિદ્યાર્થીની અભિરુચિ, નિષ્ઠા, ગ્રહણશક્તિ, અભિવ્યક્તિ કૌશલ્ય વગેરે શક્તિઓની ચકાસણી પછી જ પ્રવેશ આપવો જે ગુરુ અધ્યાપક અને સંસ્થાને યશ અપાવે સાંપ્રત સમયમાં આનાથી સમય, શક્તિ, અને ધનમાં દુવર્વ્યને નિવારી શકાય. આમ આધુનિક પ્રવેશપ્રક્રિયાના વિચારો જે તે સમયે કાલિદાસે પણ પ્રસ્થાપિત કર્યા હતા.

- **આદર્શ શિક્ષક**

વિદ્યાવિતરણની વ્યવસ્થામાં વિદ્યાર્થીઓ તરફથી શી અપેક્ષા રાખવામાં આવે છે. તે વિચારણાનુસાર વિદ્યાર્થીઓને વિદ્યાની આરાધના અને ઉપાસના કેવી રીતે કરવી જોઇએ એ શિક્ષકે લક્ષમાં રાખવું જોઇએ. સતત અવિરત, અથાક અભ્યાસ એ વિદ્યાર્થીના વિકાસ માટે અનિવાર્ય છે.

**તં જ્ઞાનપણ્યં વણિજં વદન્તિ ।**

વિદ્યાથી આજીવિકા મેળવનાર શિક્ષકને જ્ઞાન વેચનાર વાણિયો કહ્યો છે આ રીતે કાલિદાસે વિદ્યા વ્યાપાર પર કટાક્ષ કર્યો છે.

આદર્શ શિક્ષક વિશે કાલિદાસ કહે છે કે-

**'' સુશિક્ષતોઽપિ સર્વ : ઉપદેદર્શને ન નિપુણો ભવતિ । ''**

સુશિક્ષત હોવા છતાં બધાં જ (લોકો) શિક્ષણ આપવામાં કુશળ હોતા નથી કેમ કે શિખવવું એ પણ એક કળા હોય છે.

એક જ શિક્ષક વિવિધ પ્રકૃતિના વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. શિક્ષકનું વ્યક્તિત્વ વિદ્યાર્થીઓમાં પરાવર્તિત થાય છે જેથી શિક્ષક મીણના કિરણો જેવો હોવો જોઇએ. સુપાત્ર શિષ્યની પસંદગી ગુરુનું ગૌરવ જાળવે છે. જેથી –

**પાત્ર વિશેષ ન્યસ્તં ગુણાન્તરં વ્રજતિ શિલ્પમાધાતુઃ ।**

વિશિષ્ટ પાત્રમાં રાખવામાં આવેલી શિક્ષકની કલા અનુપમ હોય છે.

- **પરીક્ષાનું મહત્ત્વ**

કાલિદાસના સમયમાં પણ પરીક્ષાનું વિશેષ મહત્ત્વ રહેલું હતું.

**દેવ, પ્રયોગપ્રધાન હિ નાટ્યશાસ્ત્રમ્ ।**

મહારાજ, સાચે જ નાટ્ય શાસ્ત્ર પ્રયોગના પ્રાધાન્ય વાળુ છે. કાલિદાસે દર્શાવ્યું છે કે મૌખિક પરીક્ષા કરતા પ્રાયોગિક કસોટી સારી છે કારણ કે તેમાં જાતે જ્ઞાન મેળવવાની અપેક્ષાએ બીજાને શીખવવું વધુ મહત્ત્વનું છે. જેથી શીખનાર વ્યક્તિની બૌદ્ધિક પ્રતિભા અને કુશાગ્રતા જાણી શકાય છે.આમ પરીક્ષાનું વિશેષ મહત્ત્વ રહેલું છે.

- **નિર્ણાયકની ભૂમિકા**

શિક્ષણ જગતમાં વિવિધ કાર્યક્રમો, સ્પર્ધાઓ અનિવાર્ય હોય છે અને તેમાં નિર્ણાયકોની ભૂમિકા વિશેષ હોય છે. કાલિદાસે તે સમયે આ અંગે

**પરિવ્રાજિકા – પતને વિદ્યમાનેઽપિ ગ્રામે પરીક્ષા ।**

શહેરની હયાતી હોવા છતાં ગામડામાં તે રીતની પરીક્ષા ?

સ્પર્ધામાં યોગ્યતાનુસાર પાત્રો હોવાં જોઇએ. તેમજ નિર્ણાયકો પણ તે રીતના જ હોવાં જોઇએ. નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવવી એ ઉચ્ચ વિદ્વાનોનું કામ છે.

**સર્વજ્ઞસ્યાપ્યેકાકિનો નિર્ણાયાભ્યુપગમો દોષાય ।**

એક સર્વજ્ઞ વ્યક્તિનો નિર્ણય પણ દોષપૂર્ણ સંભવી શકે છે.

નિર્ણાયકમાં અભિમાનનો અભાવ હોવો જોઇએ તેમજ પોતાની જાતના પ્રભાવને કારણે યોગ્ય નિર્ણય ન થવાની સંભાવનાઓ પણ રહેલી હોય છે. પરીક્ષક વ્યક્તિ તટસ્થ, સર્વજ્ઞ હોવા છતાં તેનો એકલાનો નિર્ણય દોષપૂર્ણ હોવાની સંભાવના રહેલી હોય છે. જેથી પરીક્ષાઓમાં એક થી વધુ નિર્ણાયકોની નિમણૂંક હોવી જોઇએ.

- **ઉપસંહાર**

આમ, કાલિદાસના વિચારોમાં અધ્યાપક,વિદ્યાર્થી અને પરીક્ષા વગેરેના ઉચ્ચ આદર્શો જોવા મળે છે. જેમાં શિક્ષણધામ, વિદ્યાવિસ્તરણની પ્રક્રિયા, શિક્ષણ પદ્ધતિ, વિદ્યાર્થી અને વિદ્યાગ્રહણના પ્રતિભાવો, પરીક્ષાનું સ્વરૂપ, પરીક્ષકોની જવાબદારી ઇત્યાદી શિક્ષણશાસ્ત્ર સાથે સંકળાયેલાં પાસાં જોવા મળે છે. કાલિદાસની આ આધુનિક સમય માટે માર્ગદર્શક વિચારધારા છે.